ફરિયાદ રજુ તારીખ –
ફરિયાદ દાખલ તારીખ –
ફરિયાદ નિકાલ તારીખ –
સમય અવધિ –વર્ષ, –માસ, –દિવસ

**અમદાવાદ (ગ્રામ્ય) ના મહે. ત્રીજા એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં– મુકામ–મિરઝાપુર, અમદાવાદ.**

**<u>ક્રિમીનલ કેસ નંબર–8533/2019</u>**
**આંક–૯**

**ફરિયાદી–** **શ્રી સરકાર**

**– વિરૂધ્ધ–**

**આરોપી–** **૧) જીતેન્દ્ર ઈશ્વરજી ઠાકોર + 03**
**રહેઃ રોપડા ગામ તા–દસ્ક્રોઈ, અમદાવાદ**

<u>ગુનો–</u> <u>જુગાર ધારાની કલમ–૧૨ મુજબ.</u>

**– જજમેન્ટ–**

૧) ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ ચાર્જશીટમાં જણાવેલ તારીખે, સમયે અને સ્થળે જાહેરમાં જુગાર રમી, રમાડતા જુગાર રમવાના સાધનો સાથે પકડાઈ જઈ જુગાર ધારાની કલમ–૧૨ મુજબના શિક્ષાને પાત્ર ગુના કરેલ છે.

૨) સદર કામે તપાસ કરનાર અધિકારીએ તપાસ દરમ્યાન લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધેલ, ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ અને આરોપીઓ વિરૂધ્ધ પુરતા પુરાવા મળી આવતા આરોપીઓને અટક કરી આરોપી વિરૂધ્ધ સદર ગુનાનું ચાર્જશીટ અદાલતમાં રજુ કરેલ છે.

૩) આરોપીઓને સમન્સ/નોટીસની બજવણી થતા આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં આરોપીઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ મુજબ પોલીસ તપાસના પેપર્સની નકલો આપ્યાની ખાત્રી કરેલ છે. આરોપીએ તેની સામેના ગુના અંગે **આંક–૪** થી કબુલાત પુરસીસ રજુ કરતા આરોપીઓની **આંક–૫** થી **આંક–૮** પ્લી રેકર્ડ કરતાં આરોપીએ તેની સામેનો ગુનો સ્વેચ્છીકરીતે કબુલ કરેલ છે.

૪) આરોપીઓની રજુ ગુના કબુલાત ધ્યાને લેતાં ગુના કબુલાત પુરસીસમાં જણાવેલ છે કે આ તેનો પ્રથમ ગુનો છે, કુટુંબ કબીલા વાળા માણસ છે, ગરીબ છે જેથી ઓછી સજા કરવા વિનંતી કરેલ છે.

૫) આરોપીઓ સામે જુગાર ધારાની કલમ–૧૨ મુજબના ગુનાનું તહોમત છે. આરોપીઓએ ગુના કબુલાત પુરસીસમાં જણાવેલ હકીકત, આરોપીઓએ કરેલ ગુનો તેમજ સદરહું ગુનામાં કરવામાં આવેલ સજાની જોગવાઈ વિગેરે ધ્યાને લેતાં આરોપીઓને સુધરવાની તક આપવામાં

આવે અને યોગ્ય દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાય તેમ હોઈ, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– હુ ક મ –**

૧) આ કામના દરેક આરોપીઓને ક્રિ.પ્રો.કોડની કલમ-૨૫૨ અન્વયે જુગાર ધારાની કલમ-૧૨ ના ગુનામાં તકસીરવાન ઠરાવી રૂપિયા ૫૦ /– ( અંકે રૂપિયા પચાસ ) પુરાનો દંડ, કુલ દંડ રૂ. **200 /-** (અંકે રૂ. બસો પુરા/-) જો આરોપી દંડ ન ભરે તો દિન-૨ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

૨) મુદામાલના નાણાં સરકાર જમા લેવાનો હુકમ કરવામાં આવે છે. તથા મુદ્દામાલ ગજુપાનાનો નાશ કરવો તેમજ મુદામાલના **અગાઉ વચગાવાનો** હુકમ થયેલ હોયતો કાયમી કરવાનો હુકમ કરવામાં આવે છે. આ સીવાય અન્ય કોઈ મુદ્દામાલ હોય તો તે વેચી તેના નાણા સરકારખાતે જમા કરવવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજ તા.૧૩મી, જુલાઈ–૨૦૧૯ ના રોજ ખુલ્લી જનરલ અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**(એ.આર.ઘોરી)**
સ્પે. સીટીંગ
ત્રીજા એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
અમદાવાદ(ગ્રામ્ય), મીરઝાપુર,
**યુ.આઈ.સી.નં.જીજે.૦૯૯૮**